


**"૨૩ માર્ચ ૧૯૩૧"** ના રોજ ત્રણ સ્વાતંત્ર્ય સેનાની ભગતસિંહ, સુખદેવ તથા રાજગુરુ ને અંગ્રેજો દ્વારા ફાંસી આપવામાં આવી હતી. નાની ઉંમરે આ વીરોએ દેશની આઝાદી માટે લડાઇ લડી અને પોતાના પ્રાણના બલિદાન આપ્યા હતા. તેઓના બલિદાન આજે પણ ભારતીયો માટે પ્રેરણાસ્ત્રોત છે. સમગ્ર ભારતમાં ૨૩ માર્ચ **"શહીદ દિવસ"** તરીકે ઉજવવામાં આવે છે. તા. ૨૩.૦૩.૨૦૨૩ ના રોજ કોલેજ ઓફ એગ્રીકલ્ચરલ ઈન્ફોર્મેશન ટેક્નોલોજી, આ.કૃ.યુ., આણંદ ખાતે **"શહીદ દિવસ"**ની ઉજવણી કરવામાં આવી તથા આ ત્રણેય મહાન ક્રાંતિકારીઓને શ્રદ્ધાંજલી આપવામાં આવી. આ કાર્યક્રમમાં કોલેજના આચાર્યશ્રી ડૉ. ડી.આર. કથીરીયા, વિવિધ ફેકલ્ટી તથા કોલેજના વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.




